## લકઝરી બસના કોન્ટ્રાકટની શરતો

૧: લકઝરી બસનો કેઝ્યુઅલ કોન્ટ્રાકટમાં રસ ધરાવનાર ઈજારદાર કે પાર્ટીએ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબના ભાવ આપવાના રહેશે.

૨: પોતાની માલિકીની બસ ધરાવનાર પાર્ટી એજ ટેન્ડર ભરવાનુ રહેશે.

૩: લકઝરી બસ ૫૬ સીટવાળી જેમાં બેગ –બિસ્તરા મુકવાની બન્ને સાઈડોમાં જગ્યા વાળી અને પાર્સીગવાળી આપવાની રહેશે.

૪: કેઝ્યુઅલ કોન્ટ્રાકટ દરમ્યાન આપવામાં આવનાર બસ સંપૂર્ણ રીતે સુસજજ અને સારી હાલતમાં સુવિધા સભર આપવાની રહેશે. જેવી કે આરામદાયક સીટ (૩×૨), સીટ કવર, **બારી બારણાં  કલર ફિલ્મ સિવાયના સંપૂર્ણ સફેદ કાચ સાથે,** બારી બારણાં સારી રીતે ખોલ–બંધ થાય, પાણીની સગવડ (એર કન્ડીશન કોચની જરૂર નથી).

૫: ટેન્ડર ફોર્મ ભરીને પરત આપતા સમયે તેની સાથે ટેન્ડરની કુલ અંદાજીત રકમના ત્રણ(૩) પ્રમાણે ઈ.એમ.ડી. ભરવાની રહેશે.આ માટે'એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ' સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, દાંતીવાડાના નામનો ડિમાન્ડ ડ્રાફટ સાથે જોડવાનો રહેશે. જે પાર્ટીનું ટેન્ડર ના મંજુર થશે તેની ઈ.એમ.ડી. તરત પરત કરવામાં આવશે.

૬: ભાવ મંજુર થયેલ પાર્ટીએ ૫% સિકયુરીટી ડીપોઝીટ 'એસ.ડી.એ.યુ. ફંડ એકાઉન્ટ' સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, દાંતીવાડાના નામથી અત્રે ભરવાની રહેશે.

૭: ભાવ મંજુર થયેલ પાર્ટીની ઈ.એમ.ડી તથા સીકયુરીટી ડીપોઝીટની રકમ પ્રવાસ સહી સલામત રીતે સંતોષકારક પૂર્ણ તથા બાદ પરત કરવામાં આવશે.

૮: બસ શૈક્ષણિક પ્રવાસના કાર્યક્રમ મુજબ નિયત સમય અનુસાર લઈ જવાની રહેશે. પ્રવાસનો રૂટ સામેલ છે.

૯: પ્રવાસ કાર્યક્રમ પહેલા દક્ષિણભારતના રાજયોમાં  કાર્યક્રમ મુજબ ટુર લઈ જવાની આર.ટી.ઓ.પરમીટ વિગેરેની તમામ વિધિ પ્રવાસ શરૂ થતાં પહેલા પુરી કરવાની રહેશે.

૧૦: ટુર માટે મંજુર થયેલ  બસની નેશનલ પરમીટ તથા બસમાં મુસાફરી કરતા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સલામતી માટે પુરેપુરો અને ફુલ વીમો ઈજારેદારના ખર્ચે ઉતરાવવાનો રહેશે. જેની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીને આપવાની રહેશે.

૧૧: પ્રવાસ દરમ્યાન બસ ડ્રાઈવર, કંન્ડકટર કે મિકેનીક અથવા ઈજારેદારના માણસોને યુનિવર્સિટી તરફથી ભથ્થુ કે અન્ય સુવિધાઓ આપવામાં આવશે નહિ. તેમને તેમના ભોજન , ચા, નાસ્તો તેમજ રહેવાની વ્યવસ્થા પોતાની જાતે સ્વ ખર્ચે કરવાની રહેશે.

૧૨: પ્રવાસ દરમ્યાન બસની મરામત કે અન્ય કામગીરી માટે રસ્તામાં કોઈપણ પ્રકારના એડવાન્સ નાણાં આપવામાં આવશે નહિ. આ માટે જરૂરી નાણાંની વ્યવસ્થા ઈજારેદારે કરવાની રહેશે.

૧૩: પ્રવાસ દરમ્યાન બસ બગડે કે ફેલ થાય અથવા તો મરામત માટે વધુ સમય (૬.૦૦ કલાકથી વધારે) લે તેમ હોય તો ઈજારેદારે બીજી બસની વ્યવસ્થાતાત્કાલિક આપવાની રહેશે અને કાર્યક્રમ મુજબ પ્રવાસ ચાલુ રાખવાનો રહેશે.

૧૪: ઈજારેદાર અને સંસ્થા વચ્ચે કોઈ કારણોસર તકરાર કે મતભેદ થાય તો આ સંસ્થાના વડાનો નિર્ણય ઈજારદારને બંધનકર્તા રહેશે પરંતુ ઈજારેદાર કોર્ટ કચેરીનો આશરો લઈ શકશે નહિ.

૧૫: પ્રવાસ દરમ્યાન બસને અકસ્માત કે નુકસાન થાય તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

૧૬: પ્રવાસ દરમ્યાન ઈજારેદારના સ્ટાફે સંપૂર્ણ શિસ્ત અને માન મર્યાદા જાળવવાની રહેશે. સ્ટાફ વિનયી, વિવેક અને નિરવ્યસની મોકલવાનો રહેશે.

૧૭: પ્રવાસ દરમ્યાન ઈજારેદારના સ્ટાફે પ્રવાસ કાર્યક્રમ બાબતે પ્રવાસના લીડર કે જવાબદાર અધિકારી તરફથી વખતોવખત આપવામાં આવતી સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૮: જે બસ મોકલવાની હોય તો તેનો રજીસ્ટ્રેશન નંબર ટેન્ડર ફોર્મમાં અવશ્ય દશાર્વવાનો રહેશે. સંજોગોવસાત બસ બદલવાની થાય તો તેના જેવી અને તેટલી જ સુવિધાઓ વાળી નવી બસ ઈજારદારના ખર્ચે નીચે સહી કરનારની અનુમતી મેળવીને બદલવાની રહેશે.

૧૯: બસનું મોડલ વર્ષ તથા ખરીદી કરેલ વર્ષ અવશ્ય દર્શાવવાનું રહેશે. **બસનું મોડલ વર્ષ ૨૦૧૪–૨૦૧૫ થી જુનું હોવુ જોઈએ નહિ અનેજુની બસના ભાવ માન્ય રાખવામાં આવશે નહી.**

૨૦: દરરોજ સવારે બસ ઉપડતા પહેલાં પુરેપુરી સાફ સફાઈ કરવાની રહેશે.

૨૧: દક્ષિણભારતના રાજયોના રોડ રસ્તાના અનુભવી ડ્રાઈવર(બેઈઝ લાયન્સ ધરાવતા) ને આ પ્રવાસમાં મુકવાના રહેશે.

૨૨ : શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન તમામ પ્રકારના ટેક્ષ ઈજારદારે ભરવાના રહેશે.

૨૩: શૈક્ષણિક પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા ટુર લીડરની રહેશે.

૨૪: બસની રજીસ્ટ્રેશન અને આર.સી.બુકની ઝેરોક્ષ તથા ડ્રાઈવરનું લાયસન્સ તેમજ બેઈઝનીનકલ આપવાની રહેશે.

૨૫: બાગાયત મહાવિદ્યાલય, જગુદણનો શૈક્ષણિક પ્રવાસ સામેલ કાર્યક્રમ મુજબનો રહેશે.સમય ફેરફાર ટુરલીડર સમય સંજોગ અનુસાર કરી શકશે. જરૂર જણાય ત્યારે રાત્રિ પ્રવાસ કરવાનો રહેશે.

૨૬: આ શૈક્ષણિક પ્રવાસ અત્રેથી શરૂ થશે તે મુજબ લકઝરી બસ યુ.જી. હોસ્ટેલ બ્લોક–૧ બાગાયત મહાવિદ્યાલય,જગુદણ,જિ. મહેસાણા ખાતે હાજર થવાનું રહેશે.

૨૭: નાણાંની ચુકવણી પ્રવાસમાં થયેલ કુલ કી.મી.પ્રમાણે જ કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં પ્રવાસમાં થયેલ કુલ કી.મી. થી વધુ નાણાં ચુકવવામાં આવશે નહીં. પ્રવાસના કી.મી.ની ગણત્રી યુ.જી. હોસ્ટેલ બ્લોક–૧ મુખ્ય મથકથી શરૂ કરી વાહન મુખ્ય મથક ખાતે પરત આવે ત્યાં સુધીની કરવાની રહેશે.

૨૮: પ્રવાસ પૂર્ણ થયા બાદ કુલ કિ.મી પ્રમાણેનું બાકી બીલ ત્રણ નકલમાં આચાર્યશ્રી,બાગાયત મહાવિદ્યાલય,સ.દાં.કૃષિ યુનિવર્સિટી,જગુદણના નામનું આપવાનુ રહેશે.

૨૯: સંપુર્ણ રીતે ભરેલ ટેન્ડર ફોર્મ પોસ્ટ/ કુરીયર દ્વારા અત્રેની કચેરીને તા. ર૭/૦ર/ર૦૧૭ના ૧૭–૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

૩૦: ભાવ પત્રકના કવર ઉપર " **લકઝરી બસના ભાવ**" એમ અવશ્ય લખવાનું રહેશે.

૩૧: ભાવ આપનાર કંપનીએ ટેન્ડરમાં દર્શાવેલ શરતો માન્ય છે. તેવી બાંહેધરી કંપનીના લેટર પેડ ઉપર અલગથી આપવાની રહેશે.

૩ર: ભાવ મંજુર કરવા કે નહી તે અંગેની સંપુર્ણ સત્તા સંસ્થાના વડાની રહેશે.

૩૩: ઉપરોકત ૧ થી ૩ર શરતોનું કોન્ટ્રાકટર ધ્વારા ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. અને પ્રવાસ દરમ્યાન કોઈ પણ તકલીફ ઉભી થશે તો ગમે તે સ્થળે અને સમયે સદર પ્રવાસ કોન્ટ્રાકટ રદ કરવાની સત્તા સંસ્થાના વડા અધિકારીશ્રીની રહેશે.

**બાગાયત મહાવિદ્યાલય**

**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી**

**જગુદણ–૩૮૨ ૭૧૦**

**ફોન નંબર: ૦૨૭૬૨–૨૮૫૪૪૯**

**જાહેર નિવિદા**

બાગાયત મહાવિદ્યાલયનાવિદ્યાર્થીઓને ગુજરાત રાજય બહાર શૈક્ષણિક પ્રવાસમાં લઈ જવા માટે પ્રતિષ્ઠિત ટ્રાવેલ્સ એજન્સીઓ પાસેથી (૩×ર) લકઝરી બસ–પ૬ સીટ કેપેસીટી વાળી ભાડેથી લઈ જવા માટેના ભાવો નિર્ધારિત કરેલા ટેન્ડર ફોર્મમાંમંગાવવામાં આવે છે.આ માટે જરૂરી ટેન્ડર ફોર્મ તથા પ્રવાસની સંપૂર્ણ વિગત ટેન્ડર ફી રૂા. ૧૫૦૦/–(નોનરીફંડેબલ) ભરીને અત્રેની કચેરીએથી તાઃ૧૮/૦ર/ર૦૧૭ સુધીમાં મેળવી લેવાનુ રહેશે, સદર ટેન્ડર ફોર્મ ભરીને અત્રેની કચેરીમાં ટપાલ ધ્વારાતા. ર૭/૦ર/ર૦૧૭ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

**તાઃ ૦૪/૦ર/ર૦૧૭ આચાર્ય**